FREE...FREE...FREE...
૨ કુકરની ખરીદી પર ૧ કુકર ફ્રી
VINOD
VINOD Pressure Cooker
પરમાનંદ સ્ટીલ સેન્ટર
ખાદી ભંડાર સામે, રણજિત રોડ, જામનગર.
Phone : 94 84 60 65 65

RNI Regd. No. 38399/62
Postal Regd. No. Jam/GJN/18/2022-2025
At Posted Jamnagar gfy. 361001
www.nobat.com
જામનગર-દેવભૂમિ દ્વારકા જિલ્લાનું સર્વ પ્રથમ સાંધ્ય દૈનિક
Page 8 Price : ₹ 3.50

નોબત

NOBAT (GUJARATI EVENING DAILY) PRINTED AT JAMNAGAR (GUJARAT).
2 OCTOBER 2025, THURSDAY • Vol. No. 69 • PRICE ₹ 3.50 • ISSUE No. 119

ડિઝાઈનર કુર્તિમાં
ઓફિસ વેર
ફેસ્ટિવલ વેર
કેઝ્યુલ વેર
સ્કર્ટ પ્લાઝો સેટ
અને બાંધણી પ્રોડક્ટસ તો ખરીજ
આ બધું એકજ જગ્યાએ....
MAHAVIR BANDHANI
Home of Authentic Bandhani Products

■ Founder Editor: Late Ratilal Madhvani ■ Editor, Printer Publisher: Pradip Madhvani ◆ Owner: Madhvani Prakashan (Nobat) ◆ Printing at: Nobat Press, Nobat Bhavan, Pancheshwar Tower Road, Jamnagar ◆ Phone: 2670924/2555924 ◆ Fax: 2553752

સંઘના ૧૦૦ વર્ષે અંગે નાગપુરમાં ઉજવણી દરમિયાન સંબોધન:

ભૌતિક સાથે નૈતિક વિકાસ પણ જરૂરી છે, આત્મનિર્ભર બનીએ...: મોહન ભાગવત

નાગપુર તા. ૨: આર.એસ.એસ.ની શતાબ્દી સાથે નાગપુરમાં વિજયાદશમી ઉત્સવ અંગે સંઘ સુપ્રિમે મોહન ભાગવતે કહ્યું હતું કે, સ્વદેશીનો ઉપયોગ કરવો કોઈ મજબુરી નથી આપણો અધિકાર છે: પહલગામ હુમલાએ સ્પષ્ટ કરી દીધુ કે કોણ આપણા મિત્ર છે અને કોણ દુશ્મન છે: દેશની સુરક્ષા માટે આપણે સતર્ક-સમર્થ રહેવું પડશે. ભૌતિક સાથે નૈતિક વિકાસ પણ જરૂરી છે. સ્વદેશી અપનાવીને આપણે હવે આત્મનિર્ભર બનવું પડશે.

આરએસએસની શતાબ્દિ ઉજવાઈ રહી છે, ત્યારે સંઘના વડાએ વિવિધ વિષયો પર પોતાના વિચારો વ્યક્ત કર્યા, જેમાં પહેલગામ અને ઓપરેશન સિંદૂરનો પણ ઉલ્લેખ કર્યો

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) ના વડા મોહન ભાગવતે નાગપુરમાં આરએસએસની ૧૦૦મી વર્ષગાંઠ નિમિત્તે વિજયાદશમી ઉજવણીમાં આજે સંબોધન કર્યું. તેમણે દેશના લોકોને સ્વદેશીને પ્રોત્સાહન આપવા અપીલ કરી અને પડોશી દેશોમાં ચાલી રહેલા અશાંતિનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે પહલગામ હુમલા અને ઓપરેશન સિંદૂરનો પણ ઉલ્લેખ કર્યો.તેમણે કહ્યું, આજે, દુનિયા ભારત તરફ જોઈ રહી છે. આપણે દરેક પસાર થતા દિવસ સાથે મજબૂત બની રહ્યા છીએ. સ્વદેશી ઉત્પાદનોના ઉપયોગને વધુ પ્રોત્સાહન આપવાનો સમય આવી ગયો છે. મારું માનવું છે કે સ્વદેશી ઉત્પાદનોનો ઉપયોગ કરવો એ કોઈ ફરજ નથી, પણ એક અધિકાર છે. આપણે હવે આત્મનિભ બનવુ પડશે.

સંબોધનમાં મોહન ભાગવતે કહ્યું કે અમેરિકા દ્વારા લાદવામાં આવેલા નવા ટેરિફ દરેકને અસર કરી રહ્યા છે, અને તે તેમના પોતાના ફાયદા માટે કરવામાં આવ્યા છે. વિશ્વ જીવન પરસ્પર નિર્ભરતા પર ચાલે છે, રાષ્ટ્રોમાં તમામ પ્રકારના સંબંધો હોય છે. આ વર્ષે ગુરુ તેગ બહાદુરના બલિદાનની ૩૫૦મી વર્ષગાંઠ છે. ભારતની ઢાલ બનીને, ગુરુ તેગ બહાદુરે સાંપ્રદાયિક સૌહાર્દ માટે સર્વોચ્ચ બલિદાન આપ્યું, તેમણે કહ્યું. સીમા પારથી આવેલા આતંકવાદીઓએ રદ્દ ભારતીયોને તેમના ધર્મ વિશે પૂછ્યા પછી મારી નાખ્યા. આ આતંકવાદી હુમલાએ દેશને શોક અને આક્રોશમાં મૂકી દીધો. તે પછી આપણા સુરક્ષા દળોએ જોરદાર જવાબ આપ્યો.

સંઘના વડાએ જણાવ્યું હતું કે દેશ પ્રવર્તમાન આર્થિક વ્યવસ્થા અનુસાર આર્થિક વિકાસ અનુભવી રહ્યો છે. જોકે, વર્તમાન આર્થિક વ્યવસ્થામાં કેટલીક ખામીઓ પણ ઉભરી રહી છે. આપણે વર્તમાન આર્થિક વ્યવસ્થા પર સંપૂર્ણપણે નિર્ભર ન રહેવું જોઈએ. નિર્ભરતા એક મજબૂરી ન બનવી જોઈએ. તેથી, જો આપણે નિર્ભરતાને મજબૂરી બનાવ્યા વિના જીવવા માંગતા હોઈએ, તો આપણે આત્મનિર્ભર અને સ્વદેશી જીવન જીવવું પડશે. વિશ્વ સાથે રાજદ્વારી અને આર્થિક સંબંધો પણ જાળવવા પડશે, પરંતુ તેમના પર સંપૂર્ણ નિર્ભરતા રહેશે નહીં. ભાગવતે પડોશી દેશોમાં હિંસક ઘટનાઓ પર પણ ચિંતા વ્યક્ત કરી હતી.

મોહન ભાગવતે કહ્યું, આજે, સમગ્ર વિશ્વમાં અરાજકતાનું વાતાવરણ છે. આવા સમયે, સમગ્ર વિશ્વ ભારત તરફ જુએ છે. આશાનું કિરણ એ છે કે દેશની યુવા પેઢીમાં તેમના દેશ અને સંસ્કૃતિ પ્રત્યેનો પ્રેમ વધ્યો છે. સમાજ સશક્ત અનુભવે છે અને સરકારની પહેલથી, પોતાની સમસ્યાઓનું નિરાકરણ લાવવાનો પ્રયાસ કરી રહ્યો છે. બૌદ્ધિકો પણ તેમના દેશના કલ્યાણ વિશે વધુને વધુ ચિંતિત છે. કુદરતી આફતોમાં વધારો થયો છે. ભૂસ્ખલન અને સતત વરસાદ

કાર્ટુન કોર્નર

સંજય કોરીયા

ગાંધી-શાસ્ત્રી જયંતી અને દશેરાનો ત્રિવેણી સંગમ... વિજયાદશમીની મંગલ શુભકામનાઓ...

આજે ગાંધી જયંતી છે અને લાલબહાદુર શાસ્ત્રીની જયંતી પણ છે. તેની સાથે દશેરા હોવાથી આજે ગરિમામય ત્રિવેણી સંગમ પણ યોજાય છે. ગાંધીજીએ અંગ્રેજો સામે સત્યાગ્રહ કરીને બે સદીથી ચાલતા આઝાદીના આંદોલનને સફળ બનાવીને દેશને આઝાદી અપાવી, તો પૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ ઓપરેશન જિબ્રાલ્ટર દ્વારા કાશ્મીરના મુદ્દે ભારત સરકાર સામે વિદ્રોહ કરાવનાર પાકિસ્તાનને તેની ઔકાત દેખાડી દીધી અને ભારતીય સેનાએ ૧૭ દિવસના યુદ્ધમાં પાકિસ્તાનને ઘૂંટણીયે પાડી દીધું હતું. તે સમયે સોવિયેટ યુનિયનના હસ્તક્ષેપથી યુદ્ધવિરામ થયું હતું, જેને તાશ્કંદ ઘોષણા તરીકે ઓળખવામાં આવે છે. દશેરાનું પ્રાચીનકાળથી જે મહાત્મય છે, તે આજે પણ પ્રસ્તુત છે. આ ત્રિવેણી સંગમનો

અનુસંધાન પૃષ્ઠ (૪) પર

વરસાદી માહોલમાં વિરાટકાય વોટર પ્રુફ પૂતળાઓ તૈયાર:

'છોટીકાશી' માં આજે સાંજે થશે રાવણ દહન

(તસ્વીર: પરેશ ગુલીયા)

'છોટીકાશી' જામનગરમાં વિજયાદશમી નિમિત્તે સિંધી સમાજ દ્વારા પ્રદર્શન ગ્રાઉન્ડમાં પરંપરાગત રીતે રાવણ દહનનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે નવરાત્રિમાં કમોસમી વરસાદને પગલે આ વખતે દશાનન - રાવણ, કુંભકર્ણ અને મેઘનાદનાં વોટર પ્રૂફ પૂતળાઓ બનાવવામાં આવ્યા છે.જેથી વિસ્ફોટકોને ભેજ ન લાગે અને રાવણ દહન યોગ્ય રીતે થઇ શકે.૩૫ થી ૪૦ ફૂટનાં વિશાળકાય પૂતળાઓ ભસ્મ થશે ત્યારે શકિતશાળી અધર્મીનો પણ નાશ નિશ્ચિત છે એ સંદેશ પુનઃ પ્રવાહિત થશે. રાવણ દહનને પગલે બપોરે ૩ કલાકથી રાત્રે ૧૨ કલાક સુધી ગૌરવ પથ પર જિલ્લા પંચાયત કચેરીથી સાત રસ્તા સુધીનો માર્ગ વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો છે. રાવણ દહનનાં ઉપક્રમે સાંજે ૪ કલાકે નાનકપુરી વિસ્તારમાંથી રામસવારી નીકળશે. જે નગરનાં મુખ્ય માર્ગો પરથી પસાર થઇ સાંજે ૭ કલાકે પ્રદર્શન ગ્રાઉન્ડ પહોંચશે અને સંધ્યા સમયે રાવણ દહન કરી અધર્મ પર ધર્મનાં વિજયની ઘોષણા કરવામાં આવશે.

આજે પ્રદેશ પ્રમુખની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થઈ શકે

ભાજપમાં નવાજૂનીના એંધાણ: નવો ચહેરો કોણ ?

અમદાવાદ તા. ૨: ભાજપમાં પ્રદેશ પ્રમુખની નિમણૂક એકાદ અઠવાડિયામાં થઈ શકે, તેવી અટકળો સાથે નવો ચહેરો કોણ હશે અને સરકાર તથા સંગઠનમાં કેવા ફેરફારો થશે, તેની ચર્ચા જોરશોરથી થઈ રહી છે.

આજે (૨ ઓક્ટોબર) ભાજપના પ્રદેશ અધ્યક્ષની ચૂંટણી સંબંધિત કાર્યક્રમ જાહેર થઈ શકે છે. લાંબા સમયથી ચાલી રહેલી અટકળો વચ્ચે હવે કાર્યકરોમાં આતુરતાનો અંત આવી શકે છે.

સુત્રોના જણાવ્યા મુજબ સપ્તાહના અંત સુધીમાં ગુજરાત ભાજપને નવા પ્રદેશ પ્રમુખ મળી શકે છે રાષ્ટ્રીય ચૂંટણી અધિકારીની હાજરીમાં આ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની સંભાવના છે.

એક અઠવાડિયામાં તોળાતા મોટા ફેરફાર: કમલમમાં કાર્યકરો નેતાઓના ધામા: બેઠકોનો ધમધમાટ

આ સપ્તાહના અંત સુધીમાં વિધાનસભા ચૂંટણીને ગુજરાત ભાજપને નવા ધ્યાનમાં રાખીને સંગઠનને વધુ મજબૂત કરવા ભાજપ તત્પર છે. કાર્યકરો અને નેતાઓમાં ઉત્સુકતા છે કે કયો ચહેરો નવા અધ્યક્ષ તરીકે સામે આવશે અને આગામી ચૂંટણીમાં પક્ષને વિજયી બનાવવા માટે નેતૃત્વ કરશે.

ત્રણ અલગ-અલગ સિસ્ટમ પરસ્પર ટકરાતા

ગુજરાત સહિત ઉત્તર-પશ્ચિમના રાજ્યોમાં વાવાઝોડા સાથે ભારે વરસાદની આગાહી

નવી દિલ્હી તા. ૨: ત્રણ સિસ્ટમો પરસ્પર ટકરાવાની સંભાવના સાથે ૭૫ કિ.મી.ની ઝડપે વાવાઝોડું ત્રાટકવાની આઈએમડીની આગાહી ઉપરાંત ગુજરાતમાં અનોખી ઘટના અંગે એલર્ટ અપાયુ છે.

ઓડિશા સરકારે લીધા આગમચેતીના પગલા: હવામાન ખાતાએ ગુજરાતમાં આ અનોખી ઘટનાની અસરો થવાની સંભાવના વ્યક્ત કરીને દ્વારકા સહિત ગુજરાતના દરિયા કિનારા તરફના લો પ્રેશર ઝોન અંગે જાણકારી આપી છે

બંગાળની ખાડીમાં લો પ્રેશર ઝોન હવે વાવાઝોડામાં રૂપાંતરિત થઈ જતાં ચિંતા વધી ગઈ છે અને તે ઝડપથી ઉત્તર-ઉત્તર પશ્ચિમ કિનારા તરફ આગળ વધી રહ્યું છે. ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) એ તાજા બુલેટિનમાં આ માહિતી આપી છે. આઈએમડી એ જણાવ્યું છે કે આ વાવાઝોડુ આજે કે ગુરુવાર (૨ ઓક્ટોબર) રાત્રે ઓડિશા અને તેની સાથે જોડાયેલા આંધ્ર પ્રદેશના કિનારે લેન્ડફોલ કરી શકે છે. આ દરમિયાન ૭૫ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ભારે પવન ફૂંકાઈ શકે છે. હવામાન વિભાગે એ પણ જણાવ્યું છે કે આ વાવાઝોડું બીજા દિવસે એટલે કે ૩ ઓક્ટોબર સુધીમાં નબળું પડી જશે અને પવનની ગતિ ઘટીને ૪૫ થી ૫૫ કિલોમીટર પ્રતિ કલાક થઈ શકે છે. પરંતુ આ વાવાઝોડાની અસર થોડા દિવસો સુધી જ ચાલુ રહેશે.

આ સાથે આઈએમડીએ એક અનોખી ઘટનાની પણ સંભાવના વ્યક્ત કરી છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે અરબ સાગરમાં પણ એક લો પ્રેશર ઝોન સર્જાયો છે જે ઉત્તર-પૂર્વ તરફ દ્વારકા અને ગુજરાતના કિનારા તરફ વધી રહ્યો છે. આ ઉપરાંત, ઉત્તર ભારતમાં એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થઈ રહ્યું છે. આ ત્રણેય સિસ્ટમ્સ (બંગાળની ખાડીનું વાવાઝોડું, અરબ સાગરનું લો પ્રેશર ઝોન અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ) ના એકબીજા સાથે ટકરાવવાની સંભાવના છે, જે એક અત્યંત અનોખી ઘટના હશે. તેના કારણે, ૪ થી ૮ ઓક્ટોબર દરમિયાન પંજાબ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને આસપાસના રાજ્યોમાં રેકોર્ડ બ્રેક વરસાદ પડી શકે છે.

આઈએમડી એ જણાવ્યું છે કે આ હવામાનની ઘટનાને કારણે આગામી ૫ દિવસ સુધી અડધા ડઝનથી વધુ રાજ્યોમાં ભારે પવન અને વરસાદ વરસી શકે છે. ઓડિશા, પશ્ચિમ બંગાળ, આંધ્ર પ્રદેશ, ઝારખંડ, છત્તીસગઢ, બિહાર, પૂર્વ મધ્ય પ્રદેશ અને પૂર્વ ઉત્તર પ્રદેશના કેટલાક ભાગોમાં ભારે ગાજવીજ સાથે વરસાદ અને ભારે પવન ફૂંકાઈ શકે છે.

ઓડિશામાં ગુરુવારે સવારે પણ વરસાદ નોંધાયો હતો. રાજ્ય સરકારે પરિસ્થિતિને પહોંચી વળવા માટે સંવેદનશીલ જિલ્લાઓમાં કર્મચારીઓ અને મશીનરી તહેનાત કરી છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે રાજ્યના તમામ ભાગમાં મુખ્ય રૂપથી તટીય અને દક્ષિણી વિસ્તારોમાં બુધવારથી જ ભારે વરસાદ થઈ રહ્યો છે. આઈએમડીએ આજે રાજ્યના તમામ ૩૦ જિલ્લામાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરી છે.

આઈએમડીએ પોતાના નિવેદનમાં કહ્યું કે બુધવારે રાત્રે બંગાળની ખાડીમાં લો પ્રેશર ઝોન સર્જાયું હતુંજે ૧૭ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે આગળ વધી રહ્યું હતું પરંતુ હવે તેની ગતિ ઝડપી બની છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ગુરૂવારે સવારે ૫:૩૦ વાગે લો પ્રેશર ગોપાલપુરથી લગભગ ૧૯૦ કિલોમીટર દક્ષિણ-દક્ષિણ પૂર્વ, કલિંગપટ્ટનમ (આંધ્ર પ્રદેશ)થી ૧૯૦ કિલોમીટર પૂર્વ-દક્ષિણ પૂર્વ, પુરી (ઓડિશા) થી ૨૩૦ કિલોમીટર દક્ષિણ, વિશાખાપટ્ટનમ (આંધ્ર પ્રદેશ)થી ૨૫૦ કિલોમીટર પૂર્વ અને પરાદીપ (ઓડિશા)થી ૩૧૦ કિલોમીટર દક્ષિણ-દક્ષિણ પશ્ચિમમાં કેન્દ્રિત હતું.

બુલેટિનમાં કહેવામાં આવ્યું છે કે ભારે દબાણના કારણે મધ્ય બંગાળ અને તેની અડીને આવેલી બંગાળને ખાડીમાં એક ઓક્ટોબરથી ૪૦થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ગતિથી તોફાની પવન ફૂંકાશે. બે ઓક્ટોબરે બપોરથી ત્રણ ઓક્ટોબર સવાર સુધી પશ્ચિમ-મધ્ય અને તેની અડીને આવેલી ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડીમાં સ્પીડ ધીમે ધીમે ૫૫-૬૫ કિલોમીટર પ્રતિ કલાકની વધીને ૭૫ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી જશે.આઈએમડી એ માછીમારોને ૩ ઓક્ટોબર સુધી ઓડિશાના કિનારા પાસે સમુદ્રમાં ન જવાની સલાહ આપી છે.

નવરાત્રિના સ્થળો પર ગારા-કીચડનું સામ્રાજ્ય

જામનગરમાં બપોરે ધોધમાર વરસાદ: સડકો પર વહેતા પાણી

જામનગરમાં આજે બપોરે વાતાવરણ બદલાયું હતું અને જોરદાર વરસાદ વરસ્યો હતો. જામનગરમાં છેલ્લા ચાર-પાંચ દિવસથી મેઘાવી માહોલ જળવાયો છે, અને દરરોજ છૂટોછવાયો વરસાદ થઈ રહ્યો છે. આજે સવારે છાટા વરસ્યા પછી બપોરે વાતાવરણ બદલાયું હતું અને શહેરમાં જોરદાર વરસાદ શરૂ થયો હતો, જો કે થોડીવાર માટે ધોધમાર વરસાદ પછી વિરામ લીધો હતો, પરંતુ આ વરસાદથી માર્ગ ઉપર પાણી ફરી વળ્યા હતાં. જ્યા આજે દશેરાના દિને પણ નવરાત્રિનું આયોજન છે ત્યાં મેદાનમાં પાણી ભરાયા છે અને ગારા-કીચડનું સામ્રાજ્ય ફેલાયું છે, ત્યાં આજે રાત્રે ગરબા-દાંડિયાનું આયોજન કરવું મુશ્કેલ બન્યું છે અથવા મેદાનમાંથી પાણી નિકાલ માટે આયોજકોએ મહેનત કરવી પડશે.

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં શરૂ થયેલી

પ્રથમ ટેસ્ટ મેચમાં વેસ્ટ ઈન્ડિઝનો પ્રારંભે જ ધબડકો: લંચ સુધીમાં જ ગુમાવી પાંચ વિકેટ

અમદાવાદ તા. ૨: અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજથી ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે પ્રથમ ટેસ્ટ મેચનો આરંભ થયો છે.

વેસ્ટ ઈન્ડિઝના કપ્તાને ટોસ જીતીને પ્રથમ બેટીંગનો નિર્ણય કર્યો હતો. વેસ્ટ ઈન્ડિઝની ટીમના ટોચના બેટસમેન ટપોટપ આઉટ થઈ ગયા હતાં અને લંચ સુધીમાં પાંચ વિકેટે માત્ર ૯૦ રનનો સ્કોર થયો હતો.

વેસ્ટ ઈન્ડિઝના કેમ્પબેલ (૮ રન), ચંદ્રપોલ (શૂન્ય), એથનાકો (૧૨ રન), કીંગ (૧૩ રન), સાઈ હોપ (૨૬ રન) આઉટ થઈ ગયા છે. ભારત તરફથી બુમરાહે એક, સીરાજે ૩ અને કુલદીપે એક વિકેટ લંચ સુધીમાં ઝડપી હતી.

અંતિમ સમાચાર પ્રમાણે વેસ્ટ ઈન્ડિઝના ૧૦ વિકેટે ૧૬૨ રન થયા હતાં.

ભુજમાં સૈનિકો સાથે 'બડાખાના' પછી કર્યો રણકાર

'પાકિસ્તાન કોઈપણ હરકત કરશે તો લાહોર નહીં... હવે કરાંચી' રક્ષામંત્રી

ભુજ તા. ૨: વિજયા દશમીએ આજે ભુજની ધરા પરથી રક્ષામંત્રી રાજનાથે પાકિસ્તાનને ચેતવણી આપી છે કે હવે સીમાપાર હરકત કરી છે, તો સખત કદમ ઉઠાવાશે.

રક્ષા મંત્રી રાજનાથ સિંહે વિજયા દશમીના દિવસે ભુજમાં સૈનિકો સાથે મુલાકાત કરી. આ દરમિયાન તેમણે પાકિસ્તાનને ચેતવણી આપી હતી. રાજનાથ સિંહે કહ્યું કે જો પાકિસ્તાન તરફથી સરહદ વિસ્તારમાં કોઈપણ પ્રકારની હરકત કરવામાં આવશે, તો તેનો સખત જવાબ આપવામાં આવશે. હવે લાહોર નહીં કરાંચી....

રક્ષામંત્રીએ જણાવ્યું કે આજનો દિવસ 'બુરાઈ પર અચ્છાઈ', 'અધર્મ પર ધર્મ', અને 'અસત્ય પર સત્ય'ની જીતનો પ્રતીક છે. તેમણે કહ્યું કે થોડા સમય પહેલાં પણ હું ભુજ આવ્યો હતો, પણ ત્યારે સૈનિકો સાથે ભોજન નહોતું થઈ શક્યું. મેં ત્યારે વચન આપ્યું હતું કે હું જલદી પાછો આવીશ અને સાથે ભોજન કરીશ. આજે તે શક્ય બન્યું છે.

રાજનાથ સિંહે કચ્છના બોર્ડર પર તૈનાત સૈનિકોની બહાદુરીના વખાણ કર્યા હતા. તેમણે કહ્યું કે આ ધરતીની રેતીમાં વીરતા છે. અહીંના લોકો કઠિન પરિસ્થિતિઓમાં પણ ખુશીથી જીવે છે. ૨૦૦૧ના ભૂકંપ પછી ભુજના લોકો અને આપણા સૈનિકોએ તેને ફરીથી ફોનિક્સ પક્ષીની જેમ ઊભું કર્યું છે. અહીં લાંબી સમુદ્રી સીમા છે, જે આપણને અહીં સક્રિય રહેવાનું શીખવે છે.

રાજનાથ સિંહે જણાવ્યું કે 'બડા ખાના' (સૈનિકો સાથે બેસીને ભોજન) કોઈપણ ભેદભાવને દૂર કરે છે અને ભારતની પ્રાચીન સંસ્કૃતિ યાદ અપાવે છે. તેમણે સૈનિકોને ખાતરી આપી કે સરકાર તેમની જરૂરિયાતો પૂરી કરવામાં ક્યારેય પાછળ નહીં રહે અને સૈનિકોના કલ્યાણ સાથે કોઈ સમાધાન નહીં થાય.